ક્રમાંક : જમન/૨૯-એ/બ/૩૧૨૦ - ૨૨/૨૦૧૪-૧૫

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી
ગુજરાત રાજય

અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩ જો માળ,
ગાંધીનગર તા :૨૧/૧૦/૨૦૧૫.

વિષય : ડાયવર્ઝન ઓફ ૦.૭૯૨૭ હેક્ટર ઓફ પ્રોટેક્ટેડ ફોરેસ્ટ લેન્ડ ફોર વિલેજીસ ઓફ તા- લખતર, વઢવાણ, લીંબડી એન્ડ ચુડા ઓફ સુરેન્દ્રનગર ડીસ્ટ્રીક્ટ ફોર કનસ્ટ્રક્શન ઓફ ડીસ્ટ્રીબ્યુટરી એન્ડ માઇનોર ઓફ લીંબડી સબ બ્રાન્ચ કેનાલ અંડર સરદાર સરોવર નર્મદા પ્રોજેક્ટ.

સંદર્ભ : મુખ્ય વન સંરક્ષકશ્રી, સા.વ. વર્તુળ, અમદાવાદના પત્ર ક્રમાંક અ/એફસીએ/૧૫/૨૪૬૦-૬૧, તા.૧૭/૧૦/૨૦૧૫.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ દર્શિત આપના પત્રથી વસંધા, ૧૯૮૦ હેઠળની દરખાસ્ત અત્રે સાદર કરવામાં આવેલ છે. જેની ચકાસણી કરતા અધુરાશ હોઇ દરખાસ્તની તમામ પ્રતો આ સાથે પરત કરવામાં આવે છે જેથી નીચેના મુદ્દાઓની પૂર્તતા કરી અત્રે દરખાસ્ત પુન:સાદર કરવા વિનંતી છે.

(૧) પ્રસ્તુત દરખાસ્તમાં એરીયા ગણતરી પત્રકમાં માંગણી વાળો વિસ્તાર હેક્ટરમાં જ આપેલ છે, જે ખરેખર યોગ્ય નથી જેથી એરીયા ગણતરી પત્રકમાં લંબાઇ * પહોળાઇ= વિસ્તાર (ચો.મી) માં દર્શાવી દરખાસ્તમાં સામેલ રાખવાનુ રહેશે.

(૨) પાર્ટ-૧ ફોર્મ-એ માં તારીખ દર્શાવેલ નથી, ઉપરાંત પાર્ટ-એ ની આઇટમ નં- ૫ અને ૬ માં એનેક્ષરનો ક્રમ દર્શાવેલ નથી.

(૩) દરખાસ્તમાં ખોદાણ કેટલા મીટર વિસ્તારમાં કરવાનુ છે જે અંગેનુ પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

(૪) દરખાસ્તમાં તમામ એનેક્ષરમાં તારીખ દર્શાવેલ નથી જેથી તારીખ દર્શાવવાની રહેશે.

(૫) એનેક્ષર-૧૬ માં કાપવાના થતા વૃક્ષોની યાદીમાં જો કોઇ વૃક્ષ કાપવાનુ થતુ ન હોય તો "NO TREE TO BE CUT DOWN" દર્શાવવાનુ રહેશે.

(૬) દરખાસ્તમાં વળતર વનીકરણ ડબલ ડીગ્રેડેડ વિસ્તારમાં સુચવેલ છે, તેમ છતાં એનેક્ષર-૨૦માં વળતર વનીકરણ માટે જે નોન ફોરેસ્ટ લેન્ડ સુચવેલ છે તે કોમ્પેક્ટ બ્લોક માં છે તેની સામે નાયબ વન સંરક્ષકશ્રી એ સહી સીક્કા કરેલ છે જેથી સુધારો કરવા વિનંતી છે.

(૭) એનેક્ષર-૨૫ માં માગણી વાળા વિસ્તારનુ નજીકના અભ્યારણ્ય થી અંતર ૨૫ કીમી દર્શાવેલ છે પરંતુ અભ્યારણ્યનુ નામ દર્શાવેલ નથી જેથી પ્રમાણપત્ર માં સુધારો કરવાનો રહેશે.

(૮) દરખાસ્તમાં પાન નં-૩૫૩ પર સામેલ મેપ ગુજરાતી ભાષામાં છે જેથી અંગ્રેજી નકશો સામેલ રાખવાનો રહેશે.

(૯) દરખાસ્તમાં ઓન લાઇન એન્ટ્રીમાઅં પાર્ટ-૨ ની આઇટમનં ૧૩ (iii) માં વળતર વનીકરણ માટે સુચવેલ ડીગ્રેડેડ ફોરેસ્ટ લેન્ડનો જીપીએસ રીડીંગ દર્શાવતો ટોટલ સ્ટેશન સહિત નો

જીઓ રેફરેન્સ મેપ અપલોડ કરવાનો હોય છે જે મેપ અપલોડ કરેલ છે તે યોગ્ય નથી મેપ અપલોડ કરવાનો રહેશે.

(૧૦) દરખાસ્તમાં ઓન લાઇન એન્ટ્રીમાઅં પાર્ટ-૨ ની આઇટમનં ૧૩ (iv) માં વળતર વનીકરણ માટે સુચવેલ ડીગ્રેડેડ ફોરેસ્ટ ટોપોશીટ મેપ પર દર્શાવી મેપ અપલોડ કરવાનો હોય છે પરંતુ તે મેપ અપલોડ કરેલ નથી જેથી વળતર વનીકરણ નો ટોપોશીટ મેપ ઓન લાઇન અપલોડ કરવાનો રહેશે.

(૧૧) દરખાસ્તમાં ઓન લાઇન એન્ટ્રીમાઅં પાર્ટ-૨ ની આઇટમનં ૧૩ (i) માં વળતર વનીકરણ માટે સુચવેલ ડીગ્રેડેડ ફોરેસ્ટ ની કે.એમ.એલ ફાઇલ ઓન લાઇન અપલોડ કરવાની હોય છે પરંતુ KML FILE ઓન લાઇન અપલોડ કરેલ નથી જેથી વળતર વનીકરણ વિસ્તારની KML FILE ઓન લાઇન અપલોડ કરવાની રહેશે.

(૧૨) ભારત સરકારશ્રી દ્વારા હવે એફ.આર.એ ૨૦૦૬ અંતર્ગત મેળવવાનુ થતુ કલેક્ટરશ્રીનુ પ્રમાણપત્ર ઓન લાઇન અપલોડ કરવાની સુચાના આવેલ હોવાથી ઓન લાઇન અપલોડ કરવાનુ રહેશે.

( એ.કે.સક્શેના )
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

29-10-15

પ્રતિ,

મુખ્ય વન સંરક્ષકશ્રી,
સામાજીક વનીકરણ વર્તુળ,
અમદાવાદ

**નકલ રવાના** : નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, સુરેન્દ્રનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂં.

**નકલ જય ભારત સહ રવાના** : કાર્ય પાલક ઇજનેર શ્રી, સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ ડી.નં- ૪/૨, ૩૦૧-૩૦૪, ત્રીજો માળ, તાલુકા સેવા સદન, સર્કીટ હાઉસ નજીક, નેશનલ હાઇવે લીંબડી- ૩૬૩૪૨૧ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.